# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2559 ❖ કારતક પૂર્ણિમા ❖ 14 નવેમ્બર 2016 ❖ વર્ષ – 17 ❖ અંક – 8 ❖ સળંગ અંક - 200


आरोग्य परमा लाभा सन्तुट्ठी परमं धनं ।
विस्सास परमा जाती निब्बाणं परमं सुखं ।।

આરોગ્ય પરમ લાભ છે, સંતૃષ્ટિ પરમ ધન, વિશ્વાસ સહુથી મોટો બંધુ છે, નિર્વાણ સહુથી મોટું સુખ.

- ધમ્મપદ

## અનાથપિંડિક

બુદ્ધદર્શન (હિન્દી પત્રિકા એપ્રિલ 1996)

"શ્રેષ્ઠી, શું આપે બુદ્ધ કહ્યું?"

"હા, અનાથપિંડિકજી, મેં બુદ્ધ જ કહ્યું."

"શ્રેષ્ઠી, તો શું સંસારમાં બુદ્ધ ઉત્પન્ન થયા છે?"

"હા, અનાથપિંડિકજી, સંસારમાં બુદ્ધ ઉત્પન્ન થયા છે."

"અને શ્રેષ્ઠી, આપ એમ કહો છો કે આવતીકાલે સવારે વિશાળ ભિક્ષુસંઘ સહિત બુદ્ધ આપને ત્યાં ભોજનાર્થે પધારવાના છે?"

"હા, અનાથપિંડિકજી, એમ જ છે."

ઉત્તર સાંભળીને અનાથપિંડિકનાં તન-મન રોમહર્ષથી પુલકિત થવા લાગ્યાં હતાં. શ્રાવસ્તીનો ધનકુબેર અનાથપિંડિક આશ્ચર્યચકિત થઈપ્રશ્ન પર પ્રશ્ન પૂછયે જતો હતો અને તેનો બનેવી, રાજગિરિનો ધનપતિ નગરશ્રેષ્ઠી ધનપાલ તેના પ્રશ્નોના ઉત્તર આપ્યે જતો હતો.

અનાથપિંડિકે પોતાના બ્રાહ્મણ પુરોહિતો પાસેથી સાંભળ્યું હતું કે સંસારમાં બુદ્ધનું ઉત્પન્ન થવું અત્યંત દુર્લભ છે. તેમના ધર્મશાસ્ત્રોમાં એ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ છે કે કોઈવ્યક્તિના શરીર પર મહાપુરુષ હોવાનાં બત્રીસ લક્ષણો વિદ્યમાન હોય અને તે ગૃહસ્થ રહે તો તે મહાન શક્તિશાળી ચક્રવર્તી સમ્રાટ બને છે, પરંતુ જો તે ગૃહત્યાગી બને તો પરમ જ્ઞાનસંપન્ન, વિવૃતકપાટ સમ્યક સંબુદ્ધ બને છે જે પોતે ભવમુક્ત બનીને અનેકોને મુક્તિનો માર્ગ દેખાડે છે. એ અર્થે તેણે અગણિત જન્મો સુધી ત્યાગ-તપસ્યાની પુણ્ય પારમિતાઓનું અસીમ બળ સંચિત કરવું પડે છે જે સહેલું નથી. આવી ઘટના કોઇક કલ્પમાં જ ક્યારેક જ ઘટે છે. આથી અનાથપિંડિકને વિશ્વાસ નહોતો બેસતો કે સંસારમાં ખરેખર બુદ્ધ ઉત્પન્ન થયા છે.

પરંતુ વિશ્વાસ કેમ ન કરવો? રાજગિરિના નગરશ્રેષ્ઠી સાથે તેને સાળા-બનેવીનો જ સંબંધ ન હતો, બેઉ એકબીજાના પરમ મિત્ર પણ હતા. તે તેની સામે કદિ જૂઠું ન બોલે.

વાતચીત દરમ્યાન તેણે એ પણ જાણી લીધું કે જે સમ્યક સંબુદ્ધ ઉત્પન્ન થયા છે તેઓ કોશલદેશના શાક્યવંશી રાજકુમાર સિદ્ધાર્થ છે જેઓએ ચક્રવર્તી સમ્રાટ બની શકવાના પ્રબળ પ્રલોભનનો ત્યાગ કરીને ગૃહત્યાગ કર્યો છે અને કઠોર તપસ્યા કરીને બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું છે. તેણે એ પણ જાણી લીધું કે પોતાના એક હજાર શિષ્યો સહિત ત્રણેય કાશ્યપબંધુઓએ તેઓને પોતાના આચાર્ય તરીકે સ્વીકાર્યા છે અને તેમના ભિક્ષુસંઘમાં સામેલ થઈગયા છે. સમસ્ત મગધ, અંગ અને કાશીમાં જ નહિ, બલ્કે અન્યત્ર પણ જેઓ પૂજનીય ગણાતા હોય તેઓ આમના શિષ્યો થઈગયા છે એ કોઈ સાધારણ વાત ન ગણાય.

તેને એ જાણવામાં પણ વાર ન લાગી કે રાજા બિંબિસારે ગૃહત્યાગી રાજકુમારને પોતાના વિશાળ રાજ્યમાં ભાગીદાર થવાનો પ્રસ્તાવ મૂકેલો જેનો અસ્વીકાર થતાં તેણે વચન લીધેલું કે બુદ્ધત્વ પ્રાપ્ત થઈ જાય તો તેને તથા તેની પ્રજાને ધર્મ શીખવવા રાજગિરિ અવશ્ય પધારે. એ વચન બદ્ધતાને લીધે જ ભગવાન બુદ્ધ રાજગિરિ આવ્યા છે અને તેમનો ઉપદેશ સાંભળીને કેવળ બિંબિસાર જ નહિ બલ્કે રાજગિરિના શ્રેષ્ઠી અને નગરપતિ સહિત અનેક ગણમાન્ય રાજકારભારી, બ્રાહ્મણ-પુરોહિત, શેઠ-સાહુકાર ભગવાનના કરબદ્ધ, શ્રદ્ધાળુ અનુયાયી બની ગયા છે.

એક અત્યંત વ્યવહાર-કુશળ આંતરરાષ્ટ્રીય વ્યાપારી હોવાને લીધે અને કોશલની રાજધાની શ્રાવસ્તીના નગરશ્રેષ્ઠી હોવાને લીધે અનાથપિંડિક એ વાત બરાબર સમજતો હતો કે રાજાને પ્રસન્ન રાખવા માટે શ્રેષ્ઠીઓ તથા પ્રજાજનોએ તેની કૃપાદૃષ્ટિ જોઈને વ્યવહાર કરવો પડે છે.

રાજા જેને પોતાના ધર્માચાર્ય માની લે, પોતે તેના જ ભક્તો છે તેવો દેખાવ કરવો પડે છે. પરંતુ તેણે જોયું કે અહીં તો એવું નથી.અહીં કોઈ દેખાવ ન હતો. રાજગિરિનો નગરશ્રેષ્ઠી તેનો પરમ મિત્ર છે; બંને વચ્ચે એકબીજા પ્રત્યે અતૂટ સ્નેહ, વિશ્વાસ અને આદરનો ભાવ છે. રાજગિરિનો નગરશ્રેષ્ઠી વ્યાપારાર્થે અથવા અન્ય પારિવારિક કારણોસર શ્રાવસ્તી જતો ત્યારે અનાથપિંડિક તેની આગતા–સ્વાગતામાં, સ્વાગત-સત્કારમાં કશી ઊણપ રહેવા ન દેતો. એ રીતે જ્યારે અનાથપિંડિક જ્યારે રાજગિરિ જતો ત્યારે નગરશ્રેષ્ઠી સામે ચાલીને તેના સ્વાગત માટે ઊભો રહેતો. તેના નોકર-ચાકર તથા પરિવારજનો કરબદ્ધ તેની સેવામાં લાગી જતા. બધાં માટે અનાથપિંડિક આકર્ષણનું કેન્દ્ર બની જતો. પરંતુ આ વખતે એવું કશું ન થયું. તેના આગમનની જાણ થયે નગરશ્રેષ્ઠીએ ન તો સામે ચાલીને તેનું સ્વાગત કર્યું કે ઘરે પહોંચ્યા પછી સામાન્ય આવકાર સિવાય ન કોઈ અન્ય વાતચીત કરી; બલ્કે પોતાના કામમાં વ્યસ્ત થઈગયો, જાણે તેના શિરે કોઈ ખૂબ મોટી જવાબદારી આવી પડી હોય તેને નિભાવવામાં તે તન-મનથી લાગી ગયો; કોઈ મોટા આયોજનની તૈયારીઓ માટે નોકર-ચાકરોને ઉચિત નિર્દેશન કરવા લાગ્યો અને તેમના કાર્યોનું સ્વયં નિરીક્ષણ કરવા લાગ્યો જેથી આયોજનની સફળતામાં ક્યાંય કશી ત્રુટિ ન રહી જાય. અનાથપિંડિક બરાબર જાણતો હતો કે નગરશ્રેષ્ઠી સાથે તેના આત્મીય સંબંધોમાં કોઈ ખામી આવી ન હતી; આથી આ અનહદ ઉપેક્ષાનું જરૂર કોઈ અન્ય મોટું કારણ હશે.

કારણ જાણવા માટે અનાથપિંડિકે ઉત્સુકતાપૂર્વક પ્રશ્ન પૂછ્યો,"બંધુવર,શું આપને ત્યાં કોઈ લગ્નપ્રસંગનું આયોજન છે જેમાં આટલા મશગૂલ છો? કે પછી કોઈ બૃહદ્ યજ્ઞ થવાનો છે? અથવા મહારાજ બિંબિસારને આમંત્રણ પાઠવ્યું છે જેની તૈયારીમાં આટલા ડૂબી ગયા છો?"

પ્રશ્નના ઉત્તરમાં નગરશ્રેષ્ઠીએ જણાવ્યું, "મારે ત્યાં નથી તો કોઈ લગ્નપ્રસંગ કે નથી કોઈ બૃહદ્ યજ્ઞ કે નથી મહારાજ બિંબિસારને આમંત્રિત કર્યા; બલ્કે સચ્ચાઇ એ છે કે ભગવાન બુદ્ધને આવતીકાલે સવારે પોતાના એક હજાર જેટલા ભિક્ષુઓ સહિત ભોજન માટે આમંત્રણ આપ્યું છે."

"બુદ્ધ શબ્દ સાંભળતાં જ તેના આશ્ચર્યની સીમા નહોતી; તેથી એક જ પ્રશ્ન ઉપરોક્ત ત્રણ-ત્રણ વાર પૂછીને અનાથપિંડિકે એ સચ્ચાઇની ખાતરી કરી.

નગરશ્રેષ્ઠી સાથેના વાર્તાલાપથી અનાથપિંડિકને ખાતરી થઈ ગઈ કે બુદ્ધ ખરેખર "બુદ્ધ છે; તેઓએ મિથ્યા પ્રચારોથી પોતાને "બુદ્ધ ઘોષિત નથી કર્યા. અને નગરશ્રેષ્ઠી ધનપાલ પણ મહારાજ બિંબિસારને ખુશ રાખવા માટે તેના આ આચાર્યનો શ્રદ્ધાળુ શિષ્ય હોવાનો ઢોંગ નથી કરતો; જો એમ હોત તો પોતાના પરમ મિત્રના આદર-સત્કારની ઉપેક્ષા કરીને ભોજન-સમારંભની આ તૈયારીઓમાં આટલી હદે કદાપિ વ્યસ્ત ન બની જાય.

ગૌતમ બુદ્ધ ખરેખર બુદ્ધ જ છે અને બુદ્ધનાં દર્શન કલ્યાણકારી હોય છે. આ વિચારથી તેના મનમાં ભગવાન બુદ્ધનાં દર્શનાર્થે તાત્કાલિક જવાનો ધર્મસંવેગ જાગ્યો. પોતાની આ ઇચ્છા જ્યારે તેણે નગર શ્રેષ્ઠી સામે પ્રગટ કરી તો તેણે કહ્યું, "આ અનુકૂળ સમય નથી કેમકે ભગવાન પોતાના બૃહદ્ ભિક્ષુસંઘ સાથે નગરમાં નહીં બલ્કે નગર બહાર શીતવનમાં વિહાર કરી રહ્યા છે અને સૂર્યાસ્ત થઈ ગયો છે તેથી નગરદ્વાર બંધ થઈ ચૂક્યાં છે, રાત્રિ વીત્યા બાદ ખુલે ત્યારે તેમને મળી શકાય અથવા આવતીકાલે જ્યારે તેઓ અહીં ભોજનાર્થે પધારે ત્યારે મળી શકાય."

લાચારી હતી, તેથી પ્રાતઃકાળે નગરદ્વાર ખુલતાં વેંત ભગવાનનાં દર્શનાર્થે શીતવન જવાનો નિર્ણય કરીને અનાથપિંડિક પથારીમાં આડે પડ્યો. પરંતુ તેની આંખોમાં નીંદર ન હતી. ભગવાન બુદ્ધનાં દર્શનની આકાંક્ષા-ઉત્કંઠા તેના ચિત્તમાં હિલોળા લઈ રહી હતી. વચ્ચે કદાચ નીંદર આવી પણ જતી તો ઝબકીને જાગી જતો કે સવાર તો નથી પડી ગઈને? રાતનો નિબિડ અંધકાર જોઈને ફરીથી સૂઈ જતો. આ રીતે ત્રણ વાર ઝબકી-ઝબકીને જાગ્યો અને અંધારું જોઈ સૂઈ ગયો. જ્યારે ચોથી વાર ઊઠ્યો તો અંધારું હોવા છતાં એકલો ઘરની બહાર નીકળી પડ્યો, જાણે કોઈ ચુંબકીય શક્તિ તેને પોતાના ભણી ખેંચી રહી હોય. ભગવાનનાં દર્શનનું આકર્ષણ ઘણું પ્રબળ હતું.

સૂર્યોદયને હજુ વાર હતી. નગરની શેરીઓમાં નગરનિગમ દ્વારા થોડા થોડા અંતરે પ્રગટાવેલા દીવડા નીરવ રાત્રિના અંધકાર સામે ઝઝૂમી રહ્યા હતા. નગરની આ દીપશિખાઓના મંદ ઉજાસના સહારે શેઠ અનાથપિંડિક નગરના દક્ષિણ દ્વાર ભણી આગળ વધી રહ્યા હતા. એ દિશામાં નગર બહાર શીતવન હતું જ્યાં ખુલ્લામાં ભગવાન બુદ્ધ ભિક્ષુસંઘ સાથે વિહાર કરી રહ્યા હતા. આમ તો સૂર્યોદય પૂર્વે કોઈ પણ દિશાનું નગરદ્વાર ન ખુલતું, પરંતુ અનાથપિંડિક જેવો દક્ષિણ દ્વારે પહોંચ્યો તો સંયોગવશાતદ્વાર ખુલ્લું હતું. તે નગરદ્વારની બહાર ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યો. ત્યાં કોઇ શેરી ન હતી કે ન કોઈ દીપસ્તંભ હતો. ચોમેર નિબિડ અંધકાર હતો. નગરનું આ

દક્ષિણ દ્વાર નગરના મૃતદેહોના નિકાલ માટે હતું. નજીકમાં જ સ્મશાન હતું. આ નિર્જન વનપ્રદેશમાં અનાથપિંડિકને દિશાભ્રમ થયો. તેને ખબર નહોતી પડતી કે કઈ દિશામાં જવું. ભગવાન કઈ તરફ વિહાર કરી રહ્યા છે? ચોતરફ સ્મશાનનો સન્નાટો છવાએલો હતો. અનાથપિંડિકની છાતી બેસી ગઈ; તેનું હૈયું કાંપી ઊઠ્યું; ભયના માર્યા તેનાં રૂંવાડાં ઊભાં થઈગયાં; પરસેવો છૂટવા લાગ્યો. તેને ભાન થયું કે હજુ રાત્રિ સમાપ્ત થઈ નથી, સૂર્યોદયને હજુ વાર છે. નગરની બહાર નીકળવાનો આ ઉચિત સમય ન હતો. વળતે પગલે તે ઘરે જવા તૈયાર થયો. એટલામાં જાણે પોતાના મનમાં તેણે એક અવાજ સાંભળ્યો–

"ચાલ, ગૃહપતિ, ચાલ. ચાલવું એ જ તારા માટે શ્રેયસ્કર છે, મંગલકારી છે. પાછો ન વળીશ."

આ અવાજ સાંભળતાં હિંમત એકઠી કરીને અનાથપિંડિક આગળ વધ્યો. થોડી વારમાં અંધકાર ઘટ્યો, મોંસૂઝણામાં થોડે દૂર તેને કોઈની અસ્પષ્ટ આકૃતિ દેખાઈ. તે ભગવાન બુદ્ધ જ હતા જેઓ પોતાના નિત્ય-નિયમ મુજબ પ્રત્યૂષ પૂર્વે ખુલ્લામાં ચંક્રમણ કરી રહ્યા હતા, લટાર મારતાં મારતાં ધ્યાન કરી રહ્યા હતા.

જેવો અનાથપિંડિક થોડો નજીક પહોંચ્યો કે ભગવાન ચંક્રમણ ભૂમિ પરથી નીચે ઊતરીને ત્યાં બિછાવેલા આસન પર બેસી ગયા. અનાથપિંડિકને આમંત્રણ આપતાં તેઓ બોલ્યા, "આવ, સુદત્ત."

ભગવાનની વાણીમાં ઝરણાનો સ્વચ્છ કલકલ નિનાદ હતો, વિદ્યુત શો ચેતનપ્રવાહ હતો, અમૃત શી મીઠાશ હતી, મલયાનીલ શી સ્નિગ્ધ શીતળતા હતી. સાંભળતાં જ અનાથપિંડિકની કાયા રણઝણી ઊઠી. ભગવાન ખરેખર "ભગવાન" છે, સમ્યક્સંબુદ્ધ છે, સર્વજ્ઞ છે તેથી જ મને નામથી બોલાવે છે "સુદત્ત" તેના માતાપિતાએ પાડેલું નામ હતું. લોકોને તો આ નામ ક્યારનું યે ભૂલાઇ ગયું હતું, હવે તો તે "અનાથપિંડિક" નામે જ પ્રસિદ્ધ હતો. લોકો તેને એ નામે જ ઓળખતા હતા. જ્યારે ભગવાન તેને મૂળ નામે બોલાવતા હતા. આ બાબતે શ્રેષ્ઠી ભાવવિભોર બની ગયો. તેનું રૂંવેરૂવું રોમાંચિત થઈ ઊઠ્યું, હૃદય પ્રસન્ન-પુલકિત થઈ ઊઠ્યું. શ્રદ્ધાબાહુલ્યથી તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ભગવાનની સામે બેસીને તેણે તેમની ચરણવંદના કરી; ભગવાનનાં દર્શનથી તે નિહાલ થઈ ગયો. પૂર્વના અનેક જન્મોનું પુણ્ય ફલિત થયું, તેનું ભાગ્ય ઊઘડ્યું, મહામંગલનો સમય નજીક આવ્યો.

મંગલમિત્ર – સત્યનારાયણ ગોયન્કા

## વિપશ્યના શિબિર - જામનગર

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર, ધમ્મકોટ તથા જામનગર વિપશ્યના સમિતિ દ્વારા આયોજિત લાખાબાવળ ખાતે તા. ૧૩–૧૨–૨૦૧૬ થી ૨૪–૧૨–૨૦૧૬ સુધીની દસ દિવસીય નિશુ:લ્ક નિવાસી શિબિરમાં જોડાવાનું જામનગર જિલ્લાના સર્વ મુમુક્ષુઓને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**સ્થળ** : ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ લાખા બાવળ, જામનગર દ્વારકા હાઇવે, જી. જામનગર.

**શિબિરાર્થીઓ માટે જવા-આવવા માટે બસની વ્યવસ્થા કરેલ છે.**

**બસ ઉપડવાનું સ્થળ**

મોર્ડન પાન શોપ, હીરજી મીસ્ત્રી રોડ, નવાનગર બેન્ક ચોક, પીકઅપ સ્ટેન્ડ, સાત રસ્તા પેટ્રોલ પંપ

**બસ ઉપડવાનો સમય**

તા. ૧૩–૧૨–૨૦૧૬, બપોરે ૩:૦૦ કલાકે

**સંપર્ક :** ૯૪૨૭૩ ૮૩૯૩૧, ૯૪૦૮૯ ૬૩૯૩૫

## વિપશ્યના ધ્યાન વિષયક માહિતી વોટસ્એપ દ્વારા મેળવવા માટે

### નવા સાધકો માટે

✦ આપના પરિચિતોને સાધના કરવાની પ્રેરણા મળતી રહે તેવા વોટ્સએપ મેસેજ આ નંબર પરથી મળતા રહેશે.
✦ આપના પરિચિતોને વિપશ્યના સાધના સાથે જોડાવા માટે આ નંબર સેવ કરવા તેમજ એક વખત નામ અને શહેર લખી વોટ્સએપ કરવા માટે પ્રેરિત કરવા.
✦ જેથી કેન્દ્ર પરથી તેમજ અલગ અલગ સ્થળો પર થતા પરિચય કાર્યક્રમોની માહિતી, ગુરુજીના પ્રવચનો તથા અન્ય વિડીઓ મેસેજ તેઓને મહિનામાં ફક્ત બે વખત મળતા રહેશે.
✦ આ બ્રોડકાસ્ટ ગ્રૂપ હોવાથી ફક્ત કેન્દ્ર તરફથી જ મેસેજ મળશે, અન્ય કોઇ વ્યક્તિ મેસેજ કરી શકશે નહીં.

**JOIN OUR WHATSAPP BROADCAST**

TYPE ADD ME "Your Name, Area" and Send whatsapp it on

SAVE THIS NUMBER **94262 02222** SAVE THIS NUMBER

### જૂના સાધકો માટે

✦ જુના સાધકોની પ્રગતિ માટે ગૃપમાં જોડાવું ખુબ જ ઉપયોગી રહેશે. આ ગૃપ ફક્ત જૂના વિપશ્યી સાધકો માટે જ છે. જે લોકોએ શિબિર ન કરી હોય તેમને ન જોડવા. ✦ આ ગૃપમાં જોડાવાથી તમોને મહીનામાં ૨ થી ૪ વખત સાધનામાં પ્રગતિ માટે ઉપયોગી ગુરુજીના પ્રવચનો, સાધના સંબંધી પ્રશ્નોત્તરી, કોઇ વિશેષ કાર્યક્રમો, શિબિરોની માહિતી તથા અન્ય ઓડિયો–વિડીયો મળતા રહેશે. ✦ આ બ્રોડકાસ્ટ ગ્રૂપ હોવાથી ફક્ત કેન્દ્ર તરફથી જ મેસેજ મળશે, અન્ય કોઇ મેસેજ કરી શકશે નહીં. ✦ આ ગ્રૂપ સાથે જોડાવા માટે આ નંબર સેવ કરવા તેમજ એક વખત નામ અને શહેર લખી વોટ્સએપ કરવા માટે પ્રરિત કરવા.

**JOIN OUR WHATSAPP BROADCAST**

TYPE ADD ME "Your Name, Area" and Send whatsapp it on

SAVE THIS NUMBER **78 78 72 72 23** SAVE THIS NUMBER

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૬-૧૭ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ,
પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય
૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
Ph.: 0281-2924942,
M : 93279 23540,
E-mail :
dhammakot@gmail.com

20-12 to 31-12-16
02-01 to 13-01-17
17-02 to 28-02-17
08-03 to 19-03-17

**ફક્ત પુરૂષો માટે**
05-12 to 16-12-17

**Teenager - Boys**
05-12 to 13-12-17

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
15-01 to 23-01-17
12-07 to 20-07-17

**20 DAYS**
24-01 to 14-02-17

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી
૧૫ કિ.મી., N.H. નં.–૮
બોરિયાચ ટોલનાકાથી 2km
પશ્ચિમે, **ગામ :** વગલવાડ,
તા.: ગણદેવી. **સંપર્ક :**
Ph.: 0261-3260961
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail :
info@ambika.dhamma.org

16-12 to 27-12-16
28-12 to 08-01-17
11-01 to 22-01-17
14-02 to 25-02-17
26-02 to 09-03-17
11-03 to 22-03-17

**ફક્ત જૂના સાધકો માટે**
**3 DAYS**
09-02 to 12-02-17
23-03 to 26-03-17

**10 DAYS SPL.**
25-01 to 05-02-17

**STP**
27-01 to 04-02-17

## ધમ્મસિંધુ-બાડા

C/o. શ્રી ઈશ્વરલાલ
ચુ. શાહ,
પ્રો. કે. ટી. શાહ રોડ,
માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫,
**સંપર્ક :**
Ph.: 02834-273303,
M : 78746 23305,
99256 74104
E-mail :
info@sindhu.dhamma.org

18-12 to 29-12-16
19-02 to 02-03-17
07-04 to 18-04-17

**Teenager - Boys**
08-04 to 16-04-17

**Teenager - Girls**
25-04 to 03-05-17

**ફક્ત જૂના સાધકો માટે**
**20 DAYS**
05-03 to 26-03-17

**30 DAYS**
05-03 to 05-04-17

**45 DAYS**
01-01 to 16-02-17

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના
કેન્દ્ર–ધમ્મપીઠ
અમદાવાદ
રનોડા તા. ધોળકા,
જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690,
M : 94264 19397
E-mail :
info@pitha.dhamma.org

07-12 to 18-12-16
21-12 to 01-01-17
04-01 to 15-01-17
18-01 to 29-01-17
01-02 to 12-02-17
15-02 to 26-02-17
01-03 to 12-03-17
15-03 to 26-03-17
05-04 to 16-04-17

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
13-09 to 21-09-17

**30 DAYS**
30-10 to 30-11-17

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ,
૭–અપના બજાર,
વિમલ સુપર માર્કેટ,
બી.કે. રોડ, મહેસાણા.
(ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800,
254634, 252345
M : 94292 33000.
E-mail :
info@divakara.dhamma.org

14-12 to 25-12-16
28-12 to 08-01-17
25-01 to 05-02-17
15-03 to 26-03-17
29-03 to 09-04-17
12-04 to 23-04-17

**ફક્ત જૂના સાધકો માટે**
**10 DAYS SPL.**
11-01 to 22-01-17

**STP**
06-03 to 14-3-17

**20 DAYS**
12-02 to 05-03-17
28-01 to 18-02-18

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–
પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 8905554666
M : 8866703636
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail :
dhammapali15@gmail.com

25-12 to 05-01-17
15-01 to 26-01-17
05-02 to 16-02-17
26-02 to 09-03-17
19-03 to 30-03-17
09-04 to 20-04-17

**ફક્ત જૂના સાધકો માટે - STP**
21-05 to 29-05-17

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
time 10.00am to 5.30 pm
E-mail : dharmaj.vipassana@gmail.com

**નોંધ : શિબિરના દિવસે ધમ્મકોટ જવા માટે બપોરે : ૨.૩૦ કલાકે રાજકોટ-વિપશ્યના સીટી ઓફિસથી બસ ઉપડશે.**

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

પરમ સત્ય ભ્રાંતિ કે, પરદે પડે અનેક ।
જો ચાહે પરદે હટેં, વિપશ્યના સે દેખ ॥
જુઠી કુડી કલ્પના, સદા સત્ય સે દૂર ।
સત્ય દિખાય વિપશ્યના, મંગલ સે ભરપૂર ॥
સમ્યક દર્શન જ્ઞાન કા, એસા સુખદ પ્રભાવ ।
દેખત દેખત સબ રૂકેં, રાગ દ્વેષ કે સાવ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

અપને ભીતર જો કરે, સહી સત્ય કા શોધ ।
દૂર હોય અજ્ઞાન સબ, જગે મુક્તિ કા બોધ ॥
શીલવાન અંતર્મુખી, સતત સજગ બન જાય ।
ક્ષણ ક્ષણ કાયા ચિત્ત કા, સત્ય નિરખતા જાય ॥
વિપશ્યના ઔષધિ મિલે, કટેં રાગ કે રોગ ।
ભવ ભવ કે બંધન કટેં, હોય ધરમ સંજોગ ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 14 નવેમ્બર 2016** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

**Weighs less than 30 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org